# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-06-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Thursday** **Regional News**

**આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.**

- રાજ્યસરકારે ૧૭ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટરવ્યવસ્થા માટે કુલ ૩૧૧ કરોડ રૂપિયાના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.
- રાજ્ય સરકાર વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણની સુવિધા આપીને સાક્ષરતાનો લક્ષ્યાંક સિદ્ધ કરવા પ્રતિબદ્ધ છે.
- રાજયમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઘણા સ્થળોએ આગામી 48 કલાકમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા વયોવૃદ્ધ દર્દીઓ માટે સંવેદનશીલ પહેલ હાથ ધરવામાં આવી છે.
- નૈઋત્ય ચોમાસુ હવે ગુજરાત નજીકના ઉત્તર અરબી સમુદ્ર, રાજસ્થાનના ઘણા વિસ્તારો અને મધ્ય અને ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં આગળ વધ્યું છે.

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## Underground sewers in municipalities

રાજ્યસરકારે ૧૭ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટરવ્યવસ્થા માટે કુલ ૩૧૧ કરોડ રૂપિયાના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રજૂ કરાયેલી દરખાસ્તોના આધારે મુખ્યમંત્રીએ સૈધ્ધાંતિક મંજૂરી આપી છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની લગભગ તમામ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટરવ્યસ્થાના પહેલા તબક્કાના કામો પૂર્ણ કરવામાં આવ્યા પછી વિકાસ પામેલા વિસ્તારોમાં ભુગર્ભ ગટરવ્યવસ્થાના બીજા તબક્કાના કામોનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યની માંડવી (સુરત), જંબુસર, પાટડી, ખંભાત, સહિત 17 નગરપાલિકાઓમાં ભુગર્ભ ગટરના કામોને સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

ભૂગર્ભ ગટર યોજના બીજા તબક્કાના કામો પૂર્ણ કરવા સૈધ્ધાંતિક મંજૂરી અપાયેલી નગરપાલિકાઓમાં ખંભાળીયા નગરપાલિકાના ૨૯ કરોડ ૯૨ લાખ રૂપિયા, રાણાવાવ નગરપાલિકાના ૨૪ કરોડ રૂપિયાથી વધુ અને માંડવી નગરપાલિકાના ૨૯ કરોડથી વધુ રકમના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

આ ઉપરાંત ખંભાત નગરપાલિકાના ૨૭ કરોડ રૂપિયાથી વધુ, માંડવી નગરપાલિકાના ૧૮ કરોડથી વધુ, જંબુસર નગરપાલિકાના ૬૦ કરોડથી વધુ, સુરેન્દ્રનગરની પાટડી નગરપાલિકાના ૩૮ કરોડથી વધુના કામો મળીને, કુલ ૩૧૧ કરોડથી વધુની રકમના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

## **Shala Pravesotav** *-1*

રાજ્ય સરકાર વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણની સુવિધા આપીને સાક્ષરતાનો લક્ષ્યાંક સિદ્ધ કરવા પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યભરમાં ચાલી રહેલા શાળા પ્રવેશોત્સવના આજે બીજા દિવસે  છોટાઉદેપુરની પી.એમ.શ્રી તાલુકા શાળામાં આજે આ મુજબ જણાવ્યું હતું. તેમણે આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧ માં બાળકો તેમજ ધોરણ-૯ તથા ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપીને તેમનો શાળા પ્રવેશ કરાવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે..

(Byte .. Bhupendra patel)

દરમિયાન, શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ બાદ મુખ્યમંત્રીએ છોટાઉદેપુર ખાતે નવનિર્માણ પામી રહેલી જનરલ હોસ્પિટલની આકસ્મિક મુલાકાત લઈને બાંધકામનું નિરીક્ષણ કર્યું હતું. શ્રી પટેલ આવતીકાલે સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના સરોડી ગામમાં શાળા પ્રવેશોત્સવમાં ભાગ લઈને બાળકોનું નામાંકન કરાવશે.

દરમિયાન, રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં શાળા પ્રવેશોત્સવનાં કાર્યક્રમ યોજાયા હતા.

કેન્દ્રીય મંત્રી બળવંત સિંહે સિધ્ધપુર તાલુકાની શાળામાં, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ખેરાળુ તાલુકના વઘવાડી અને ગોરીસના ગામ ખાતે, મુખ્ય સચિવ રાજકુમારે માણસાના આજોલ ખાતે, બહુચરાજીના ધારાસભ્ય ડો.સુખાજી ઠાકોરે રૂપપુરા અને રાતેજ ખાતે અને નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાએ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના આદલસર ખાતે પ્રવેશોત્સવમાં ભાગ લીધો હતો.

કૃષિમંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને રાજકોટ તાલુકાના આણંદપર(બાધી), કોઠારીયા તથા હડાળા ગામોની પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. મંત્રી બચુભાઈ ખાબડે દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં પ્રવેશોત્સવમાં ભાગ લીધો હતો.

દરમિયાન, નર્મદા અને નવસારી જિલ્લાની શાળામાં ડ્રોપ આઉટ રેશિયોમાં ઘટાડો નોંધાયો છે. નર્મદા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નિશાંત દવેએ જણાવ્યું કે, જિલ્લામાં ડ્રોપ આઉટ રેશિયો નોંધપાત્ર રીતે ઘટ્યો છે. એવી જ રીતે નવસારી જિલ્લામાં પણ પ્રાથમિક શિક્ષણનો ડ્રોપ આઉટ રેશિયો ૩.૧૪ ટકાથી ઘટીને ૧.૨૩ ટકા થયો છે.

## CM Swagat Program

રાજ્યના નાગરિકોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્યકક્ષાનો સ્વાગત કાર્યક્રમ આ શનિવારે બપોરે યોજાશે. નાગરિકો તેમની રજૂઆતો શનિવારનાં રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બપોરે સાડા ત્રણ કલાકે મુખ્યમંત્રીના કાર્યાલયમાં જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહીને રજૂઆતો સાંભળશે.

ઉલ્લેખનીય છે કે, સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવે છે, પરંતુ મુખ્યમંત્રી, મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં વ્યસ્ત હોવાથી ગુરૂવારને બદલે શનિવારે યોજાયો છે.

# MID BREAK

આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરી શકો છો...

## Weather

રાજયમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઘણા સ્થળોએ આગામી 48 કલાકમાં ભારેથી અતિભારે વરસાદ જયારે આગામી પાંચ દિવસોમાં રાજયના મધ્ય અને દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના ઘણા સ્થળોએ હળવોથી ભારે વરસાદ થવાની શકયતા છે. આ અંગે રાજયના હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રેય યાદવે વધુમાં જણાવ્યું કે,

(બાઇટ- રામાશ્રેય યાદવ)

દરમિયાન, છેલ્લા 36 કલાકમાં સૌથી વધુ મોરબીના ટંકારા તાલુકામાં 110 મીલીમીટર વરસાદ થયો છે. આ ઉપરાંત કોડીનાર તાલુકામાં 80 મીલીમીટર, ગોંડલ અને જૂનાગઢમાં 70, દાંતામાં 60, જેતપુર અને સૂત્રાપાડામાં 50, જયારે 32 તાલુકાઓમાં 50 મીલીમીટર કરતાં ઓછો વરસાદ થયાના અહેવાલ છે.

જો કે, આ જ સમયગાળામાં રાજયમાં ઘણા સ્થળોએ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી ત્રણ ડીગ્રી, જયારે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી ત્રણ ડીગ્રી વધુ નોંધાયું છે.

દરમિયાન છેલ્લા ચોવીસ કલાકમાં મોરબી, ગીર સોમનાથ, રાજકોટ, જુનાગઢ, કચ્છ, બનાસકાંઠા, બોટાદ, દીવ, પાટણ, અરવલ્લી, સુરત, અમરેલી, ભાવનગર, વલસાડ અને તાપીમાં પણ વરસાદ થયાના અહેવાલ છે.

આ ઉપરાંત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વરસાદ થયાના અહેવાલ મળ્યા છે. મહીસાગર જીલ્લાના સંતરામપુર અને વીરપુર તાલુકામા વરસાદ આવતા ખેડૂતોએ વાવણી શરૂ કરી છે.

## AHMEDABAD CIVIL HOSPITAL

અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા વયોવૃદ્ધ દર્દીઓ માટે સંવેદનશીલ પહેલ હાથ ધરવામાં આવી છે. સિવિલ હોસ્પિટલની ઓપીડીમાં આવતા 65 વર્ષથી વધુ વયના દર્દીઓ માટે આધુનિક પ્રતીક્ષા કક્ષની સુવિધા શરૂ કરવામાં આવી છે. આ પ્રતિક્ષા કક્ષનો શુભારંભ 72 વર્ષના દર્દી કમલાબહેન ચરણનાં હસ્તે કરવામાં આવ્યો હતો.

## MONSOON

નૈઋત્ય ચોમાસુ હવે ગુજરાત નજીકના ઉત્તર અરબી સમુદ્ર, રાજસ્થાનના ઘણા વિસ્તારો અને પશ્ચિમ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં આગળ વધ્યું છે. હવામાન વિભાગની યાદીમાં જણાવ્યું છે કે,

નૈઋત્ય ચોમાસુ રાજસ્થાન અને મધ્યપ્રદેશના બાકીના વિસ્તારોમાં તેમજ પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં આગામી બે-ત્રણ દિવસમાં આગળ વધે તેવા અનુકૂળ સંજોગો ઉભા થયા છે.

દરમિયાન, દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં આજે થયેલા ચોમાસા પૂર્વેના વરસાદથી નાગરિકોને ગરમી અને બફારાથી રાહત મળી છે.

## fatafat

*અને હવે કેટલાક મહત્વના સમાચારો સંક્ષિપ્તમાં..*

- ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ ઉચ્ચ શિક્ષણ મેળવવા ઈચ્છતા તમામ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે નિ:શુલ્ક શિક્ષણની જાહેરાત કરી. આ નોંધપાત્ર પગલું યુનિવર્સિટી દ્વારા બધા માટે સમાન તકો માટેની પ્રતિબદ્ધતાનો એક ભાગ છે.
- દીવ આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારની તમામ  હાઈસ્કૂલ/ હાયર સેકન્ડરી શાળાઓમાં ચોમાસાની ઋતુમાં ડેન્ગ્યુ-મેલેરિયા જેવા "વાહક જન્ય રોગ" વિષય અંતર્ગત શિક્ષકો માટે પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું.
- દીવના જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા નશીલા પદાર્થોનો દુરુપયોગ અને ગેરકાયદેસર હેરફેર સામેના આંતરરાષ્ટ્રીય દિવસના સંદર્ભમાં ત્રિ-દિવસીય કાર્યક્રમ અંતર્ગત શાળાઓમાં નુક્કડ નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ભરૂચ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા વ્યાજખોરો સામે ચાલતી ઝુંબેશ અંતર્ગત જનજાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.
- દમણમાં ઇન્ડિયા -ઉઝબેકિસ્તાન બિઝનેસ ફોર્મ નું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે ફાર્માસ્યુટિકલ વ્યાપાર વધે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- ભરુચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ગોવાલી નજીક એક બસ અને મોટરસાયકલ વચ્ચે થયેલા અકસ્માતમાં મોટરસાયકલ સવાર બે વ્યક્તિના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં છે.
- ગોધરા અને ખેડા જીલ્લામાં મદદનીશ નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન વિભાગની ટીમો દ્વારા કુલ-૭ પેટ્રોલ પંપની ઓચિંતી તપાસ કરવામાં આવી.